# શહેરનું બાળપણ બિમારીઓથી પિડાઈ રહ્યું છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરનું બાળપણ કેવી બિમારીઓથી પિડાઈ રહ્યું છે તેની ચોંકાવનારી વિગતો શાળા આરોગ્ય ચકાસણીના કાર્યક્રમમાં બહાર આવી છે.

શહેરમાં શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૧૭ બાળકો હૃદયરોગની બિમારીથી પિડાતા મળ્યા છે, તો ૯ બાળકોને કીડનીની બિમારી જણાઈ છે અને ૩ બાળકો થેલેસીમીયાથી પિડાતા મળી આવ્યા છે. શહેરમાં આ કાર્યક્રમ અંગે હજુ ૨૪ ટકા બાળકોની જ તપાસ થઈ છે ત્યારે આવી ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

શહેરમાં જે બાળકોની ચકાસણી થઈ ગઈ છે તેમાં ૩૨ બાળકો તમાકુનું વ્યસન ધરાવતા મળ્યા છે. ૧૯૨ બાળકો શરીરની સ્થુળતા ધરાવતા મળી આવ્યા છે જે બદલાતી જીવનશૈલી દર્શાવે છે.

શહેરમાં ૨૨૮૭ બાળકોને દાંતની તકલીફ, ૬૭૬ બાળકોને આંખની ખામી, ૪૪ બાળકોને નાક, કાન ગળાની તકલીફ, ૭૨૨ બાળકોને શ્વસનતંત્રની બિમારી ધરાવતા, ૩૨૭ બાળકો અન્ય રોગ ધરાવતા મળી આવ્યા છે. ૪૪૦૦ જેટલા બાળકો પાંડુરોગ અને આંત્રકૃમિની બિમારી ધરાવતા મળ્યા છે.

મ્યુનિ. હેલ્થ અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામીને પુછતાં તેમણે જણાવ્યુ હતુ કે ૬૩,૪૯૮ બાળકો પૈકી ૧૫,૨૯૬ બાળકોની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે. જે પૈકી ૮૪૪૧ બાળકોને તબીબી અધિકારી દ્વારા ચકાસવામાં આવ્યા છે. શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન ૧૯ પાણીના સ્ત્રોતની સફાઈ કરવામાં આવી છે. તો ૧૩ જગ્યાએ વૃક્ષારોપણ પણ કરાયુ છે.




કડકડતી ઠંડી : છેલ્લા પાંચ દિવસથી તીવ્ર ઠંડીનું મોજું શહેરમાં ફરી વળ્યું છે. હાડ થીજાવતી ઠંડીમાં શ્રમિકો ભારે હાલાકી અનુભવે છે. રોજ સવાર - સાંજ મજુરી કરી પેટીયું રળતા શ્રમિકો માટે કડકડતી ઠંડી જાણે વિલન બની રહી હોય એમ અનુભવાય છે.

## સ્માર્ટ સીટી પ્રોજેક્ટની બોર્ડ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકા ખાતે આજે સ્માર્ટસીટી પ્રોજેક્ટને લઈ ખાસ બોર્ડ બેઠક આ પ્રોજેક્ટની મળી હતી. જેમાં ચેરમેન તરીકે નવનિયુક્ત કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણની વિધિવત્ નિયુક્તી કરવામાં આવી હતી.

આ બોર્ડ બેઠકમાં આઈસીસીસીના કંટ્રોલરૂમ તૈયાર કરવાની ચાલી રહેલી કામગીરી સહિતના વિવિધ કામોની હાલની સ્થિતિની વિગતો રજુ કરવામાં આવી હતી.

આ બેઠકમાં સેક્ટર-૨૧ ખાતે ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર ખાતે પાર્કિંગ સુવિધા સુધારણાના મંજૂર થયેલ ટેન્ડરની જાણકારી આપી અને કામગીરી ટુંકમાં જ શરૂ થઈ જશે તેવું તંત્રના અધિકારીઓએ જણાવ્યુ હતુ. અંદાજે ૨.૭૦ કરોડથી વધુના ખર્ચે પાર્કિંગની સુવિધાના વિસ્તાર વૃદ્ધિની કામગીરી કરવામાં આવનાર છે જે નોંધનીય છે.

# શહેરના મુખ્ય માર્ગોની રોનક નિખરશે સેન્ટ્રલ વર્જમાં રંગબેરંગી ફુલો નિખરશે

### નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં બોગન વેલના રોપાઓની વાવણી : વાઇબ્રન્ટ દરમિયાન ગુલાબી , સફેદ અને લાલ ફુલો ખિલશે

ગાંધીનગર તા ૧૭

શહેરના ઘ અને ચ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં બોગનવેલના રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. નગરના બન્ને મુખ્ય માર્ગો પર સેન્ટ્રલ વર્જમાં ૨૦ હજાર ચો મી જેટલા વિસ્તારમાં વાઈબ્રન્ટ સમિટ પુર્વે બોઘન વેલના રોપાઓની વાવણી કરી દેવાશે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન આ વિસ્તારમાં ગુલાબી, સફેદ અને લાલ રંગના ફુલો નિખરશે.

આગામી મહીનામાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરમાં ઠેર ઠેર માર્ગ સુધારણા તેમજ રંગરોગાન અને સુશોભનના વિવિધ કામો હાથ ધરાયા છે. વાઈબ્રન્ટને અનુલક્ષી શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં નગરના મુખ્યમાર્ગો પર સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ લગાવાનુ કામ પણ હાથ ધરાયુ છે. જયારે ગ્રીલ તેમજ ફુટપાથના કર્બિંગને કલરકામ પણ



કરવામાં આવી રહ્યુ છે. વાઈબ્રન્ટ દરમિયાન માર્ગોને ચકાચક બનાવવા ઉપરાંત કેટ આઈ સહીત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. જયારે માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા ઉપરાંત આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં પણ ગ્રીલ લગાવાઈ છે. વન આરક્ષિત વિસ્તારમાં પણ અવનવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે.

જયારે શહેરના માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જ કંગાળ જોવા મળી રહ્યો છે. ત્યારે આ સેન્ટ્રલ વર્જની રોનક નિખારવા માટે નવા રોપાઓની વાવણીનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. જેમાં બોઘન વેલના નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. નગરના ઘ અને ચ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં ૨૦ હજાર ચો મી ની જગ્યામાં આ પ્રકારનુ પ્લાન્ટેશન કરવામાં આવશે. જેના અંતે ગુલાબી , સફેદ અને લાલ રંગના ફુલો નિખરશે. સેન્ટ્રલ વર્જના વિસ્તારમાં રખડતા ઢોર આંટા ન મારે તેમજ માર્ગ સલામતી અને રોપાઓની જાળવણીને ધ્યાને લઈ તંત્ર દ્વારા ગ્રીલ પણ લગાવામાં આવી રહી છે. ટુંક સમયમાં જ રોપાઓની વાવણીનુ કામ પુર્ણ કરી દેવાશે. વાઈબ્રન્ટ દરમિયાન મુખ્યમાર્ગોનો નઝારો બદલાઈ જશે.

# ગાંધીનગર તાલુકામાં ૩૬૦ કરોડના વિકાસ કામોને પ્રાથમિક-વહીવટીય મંજૂરી અપાઈ

### તાલુકા પંચાયતની કારોબારી સમિતિની સત્તા મેળવવામાં કોંગ્રેસનો વધુ એક નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકા પંચાયતે આજે રૂ. ૩.૬૦ કરોડના વિકાસકામોને વહીવટીય અને પ્રાથમિક મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે.

શોભનાબા વાઘેલાના અધ્યક્ષપદે આજે મળેલી સભામાં સભ્યોના વિસ્તાર વિકાસ કામો માટેની વહીવટીય અને તાંત્રિક મંજૂરીમાં થતા વિલંબને નિવારવામાં આવે તેવી સભ્યોએ તીવ્ર લાગણી વ્યક્ત કરી હતી.

સભ્યોએ સૂચવેલા કામો અગાઉ જિલ્લા પંચાયતને મોકલવામાં આવ્યા હતા પરંતુ જિલ્લાએ તે કામો ત્યાંથી જ મંજૂરી આપવા જણાવતાં આજે પંચાયતની સામાન્ય સભામાં આ કામોને મંજૂરી પ્રાથમિક અને વહીવટીય મંજૂરી આપી દીધી હતી. તાંત્રિક મંજૂરી પણ ઝડપથી આપવામાં આવશે તેવી હૈયાધારણ આપવામાં આવી છે.

આજે મળેલ બેઠકમાં દો. વાસણા અને ગોળવંશમાં આકસ્મિક મૃત્યુના કિસ્સામાં સહાય પેટે રૂ. બે લાખ ચુકવવા માટેનો નિર્ણય કરાયો હતો. જો કે તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નિયમોની મર્યાદામાં રહી સહાય ચુકવવામાં આવશે તેવી સ્પષ્ટતા કરી હતી. આ બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ માટે ગાડી ખરીદવા માટેનો નિર્ણય કરાયો હતો તેમજ આ ગાડી સભ્યો વાપરી શકશે.

આ બેઠકમાં કારોબારીની સત્તા મેળવવા માટે કોંગ્રેસે આજે વધુ એક નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. સામાન્યસભા ચાલુ થયા બાદ આ મુદ્દો પ્રમુખને રજુ કરાયો હતો પરંતુ તે મુદ્દો એજન્ડામાં ન હોવાથી ચર્ચામાં જ લેવાયો ન હતો. આ મુદ્દે રણનીતિ તૈયાર કરવામાં કોંગ્રેસને વધુ એક લપડાક પડી છે.

આજની બેઠકમાં પ્રેરણા પ્રવાસ યોજવા માટેનો પણ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.




વાયબ્રન્ટ સમિટનું કાઉન્ટ - ડાઉન : શહેરમાં વાયબ્રન્ટ સમિટના આગમનના પગલે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગરને જોડતા મુખ્ય રાજમાર્ગો પર વાયબ્રન્ટની કમાનો સ્થાન લઈ રહી છે. માર્ગો અને મકાનોને સજાવટ કરાઈ રહી છે. સેન્ટ્રલ વિસ્ટાના ફુલ છોડને સાફ-સુફ કરાઈને સજાવાઈ રહ્યા છે. આમ, ગાંધીનગર વાયબ્રન્ટ સમિટને આવકારવા થનગની રહ્યું છે.

# ગાંધીનગરમાં સૌથી મોટો ગ્લોબલ ટ્રેડ શો યોજાશે

### વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ અંતર્ગત બે લાખ ચોરસ મીટરમાં સૌથી મોટો ગ્લોબલ ટ્રેડ શો યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

વાયબ્રન્ટ ગુજરાત ગોલ્બલ સમિટ-૨૦૧૯ અંતર્ગત આગામી ૧૮-૨૨ જાન્યુઆરી દરમિયાન મહાત્મા મંદિર નજીક આવેલા એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતે ૨ લાખ ચોરસ મીટર વિસ્તારમાં સૌથી મોટો ભવ્ય વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો-૨૦૧૯ યોજાશે. આ ટ્રેડ શોમાં ૧૮ જેટલા વિશાળ ડોમમાં ૨૦૦૦ જેટલા સ્ટોલ્સ તૈયાર કરવામાં આવશે, જેમાં વિવિધ ૨૫ જેટલા ક્ષેત્રોની ૨૦૦૦થી વધુ કંપનીઓ ભાગ લેશે.

આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાત ગોલબલ સમીટ આંતરરાષ્ટ્રિય ટ્રેડ શો અને વૈશ્વિક બિઝનેશ સમીટ હશે, જે ૨૫ જેટલા વિવિધ ક્ષેત્રોની પ્રગતિ અને પ્રવૃત્તિઓનું પ્રદર્શન કરાશે. વર્ષ ૨૦૦૩માં ૩૦૦૦ ચોરસ મીટર પ્રદર્શન વિસ્તારમાં ૩૬ સ્ટોલ્સ સાથે શરૂ થયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વર્ષ ૨૦૧૭માં વધારીને ૧,૨૫,૦૦૦ ચોરસ મીટર પ્રદર્શન વિસ્તારમાં ૧૦૦૦ સ્ટોલ્સનું આયોજન કરાયું હતું. આ વખતની ૨૦૧૯ની વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ૨૦૦૦થી વધુ કંપનીઓ પ્રદર્શનમાં ભાગ લે તેવી સંભાવના છે; જ્યાં તેઓને તેમનાં ઉત્પાદનો, સેવાઓ અને તેમની સાફલ્યગાથાઓને સમિટમાં ભાગ લેનાર વૈશ્વિક પ્રતિનિધીમંડળો સમક્ષ પ્રદર્શિત કરવા માટેનો સૌથી મોટો મંચ ઉપલબ્ધ થનાર છે.

આ ગ્લોબલ ટ્રેડ શોમાં ૧.૫ મીલીયનથી વધુ મુલાકાતીઓ અને ૧૦૦થી વધુ દેશોના ૩૦૦૦ જેટલા આંતરરાષ્ટ્રિય ડીલીગેટ્સ ભાગ લેશે તેવી સંભાવના છે. આ પ્રદર્શન સ્થળે ભારતની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની કેવડિયા ખાટે પ્રસ્થાપિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ પણ મૂકવામાં આવશે. સમગ્ર દેશમાંથી ખેડૂતો પાસેથી એકત્રિત કરાયેલ લોખંડમાંથી નિર્મિત આ સ્ટેચ્યુ ઓફ યુનિટી દેશની એકતાનું પ્રતિક છે.

૧૯ મી જાન્યુઆરીની સાંજે અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહયોગથી મેક ઈન ઈન્ડિયા એન્ડ ખાદીની થીમ ઉપર 'ફાર્મ ટુ ફેબ્રિક' પર ફેશન શો યોજાશે.

વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૯માં નિકાસ, વેપાર અને રોકાણ ક્ષમતા ઉપર ગુજરાત સરકારના પસંદગીની વિગતો સાથેના પેવેલિયન; જેમાં, કૃષિ અને ફૂડ પ્રોસેસીંગ, ઓટોમોબાઈલ એન્ડ ઈ-મોબિલીટી, બેન્કીંગ એન્ડ ફાયનાન્સ, કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ, ઓઈલ એન્ડ ગેસ, ફાર્માસ્યુટીકલ્સ, બાયો ટેકનોલોજી, સિરામિક્સ, એવિએશન, આઈટી એન્ડ પોર્ટ, ટ્રાન્સપોર્ટ એન્ડ લોજીસ્ટીક્સ, પાવર, રીન્યુએબલ એનર્જી, સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન, ટેક્ષટાઈલ્સ, ટ્રાવેલ, ટુરીઝમ એન્ડ હોસ્પિટાલિટી, અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વોટર ટ્રીટમેન્ટ એન્ડ એન્વાર્યમેન્ટ, એજ્યુકેશન, સ્કીલ ડેવેલોપમેન્ટ એન્ડ એન્જિનિયરીંગ સહિતના ૨૫ ક્ષેત્રોનું પ્રદર્શન યોજવામાં આવશે.

ગ્લોબલ ટ્રેડ શો પ્રદર્શનનું ૧૭ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ઉદઘાટન કરવામાં આવશે. જે તારીખ ૧૮થી ૨૦ જાન્યુઆરી દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ભાગ લેનાર ઉદ્યોગકારો અને આમંત્રિતો માટે અનામત રાખવામાં આવશે. ત્યારબાદ, ૨૦મી જાન્યુઆરીથી પ્રદર્શન તમામ મુલાકાતીઓ માટે ખુલ્લું રાખવામાં આવશે.

આ સમગ્ર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો - ૨૦૧૯ના વ્યવસ્થિત આયોજન માટે રાજ્ય સરકાર દ્વારા એક ખાસ સમિતિની રચના પણ કરવામાં આવી છે; જેનું સંકલન પ્રવાસન વિભાગના અગ્રસચિવશ્રી અને ટ્રેડ શોના આયોજન સિમિતિના ચેરમેન એસ.જે. હૈદર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

#### ગોલબલ ટ્રેડ શોનું મુખ્ય આકર્ષણો

- બિઝનેસ જનેરેશન થ્રુ બાયર-સેલર મીટ એન્ડ રીઝર્વ બાયર-સેલર મીટઃ જેમાં ૧૦૦૦ થી વધુ દેશ-વિદેશના ખરીદદારો હશે.
- વેન્ડર ડેવેલપમેન્ટ
- બુલેટ ટ્રેન સિમ્યુલેટર મુકાશે
- ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી ડિસ્પ્લે વિથ રોબોટીક એન્ડ લેસર કટીંગ
- આફ્રિકન પેવેલિયનઃ જેમાં ૨૦થી વધુ દેશો કે જેમણે ખાસ કારીને વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલાં એમઓયુ પૈકી સફળતાપૂર્વક શરૂ થયેલા પ્રોજેક્ટસની પ્રગતિનું પ્રદર્શન
- ડીજીટલ ઈકોનોમી એન્ડ ડીસર્પટીવ ટેકનોલોજીનું પ્રદર્શન

#### વાયબ્રન્ટ ગુજરાત ટ્રેડ શોની આંકડાકિય માહિતી

કુલ વિસ્તારઃ ૨,૦૦,૦૦૦ ચોરસ મીટર

#### ૧૫ પેવેલિયન

- સર્વિસ સેક્ટર : મેડિકલ વેલ્યુ ટ્રાવેલ, ઓડિયો વિઝ્યુઅલ સર્વીસ, કોમ્યુનિકેશન
- અત્યાર સુધીમાં ૧૬ ભાગીદાર દેશોને આવરી લેતું કન્ટ્રી પેવેલિયનમાં કેનેડા, ફ્રાન્સ, જાપાન, પોલેન્ડ, સાઉથ કોરિયા, થાઈલેન્ડ, નેધરલેન્ડ, યુ.એ.ઈ, સાઉથ આફ્રિકા, સ્વિડન, ઉઝ્બેકિસ્તાન, ચેકરીપબ્લિક, નોર્વે, ઓસ્ટ્રેલિયા અને મોરોક્કો જોડાશે.

#### ભારતના વિવિધ રાજ્યોના પેવેલિયન

ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા, ડિજીટલ ઈન્ડિયા, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, આઈટીઈએસ, સાગરમાલા, આયુષ્યમાન જેવી ફ્લેગશીપ યોજનાઓને દર્શાવતું પેવેલિયન ખાતે પ્રદર્શન યોજવામાં આવશે.

# સેક્ટર-૧૭માં ૨૦૦ ખંડેર સરકારી આવાસો રહીશો માટે જળુંબતો ખતરો

### સરકારી આવાસો તોડીને નવા બનાવવા માટેની યોજના પણ અધ્ધરતાલ : ખંડેર આવાસોના લીધે સેક્ટરમાં ખાલીપો : વેપાર ધંધામાં મંદી : રહીશો બેહાલ

ગાંધીનગર તા ૧૭

સે-૧૭ માં જુદી જુદી કક્ષાના ૨૦૦ જેટલા મકાનો ખંડેર હાલતમાં છે. જયારે આવસોની છતમાંથી પોપડા ખરવાની સાથે ભયજનક વાયરીંગ પણ સ્થાનિકો માટે ખતરારૂપ બન્યુ છે. આમછતા નવા મકાનો બનાવાની યોજના હાથ ધરાતી નથી. બીજીતરફ સેકટરમાં સરકારી આવાસોની અવદશાના લીધે ખાલીપો સર્જાયો છે. જેના લીધે આખુ સેકટર મરણપથારીએ હોય તેવી સ્થિતિ છે. સેકટરના વેપારીઓને પણ વેપાર ધંધા મળતા નથી. જોખમી આવાસોના લીધે વસાહતીઓ ભયમાં જીવે છે.

શહેરના અન્ય સેકટરોની જેમ સે-૧૭ માં પણ વિવિધ કક્ષાના સરકારી આવાસોની હાલત અત્યંત કંગાળ છે. સેકટરમાં સ્થિત ભયજનક આવાસોનો નિકાલ કરવા તેમજ નવા આવાસો બાંધવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. થોડા સમય અગાઉ માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીએ સેકટરની મુલાકાત લઈ સ્થિતિનુ નિરિક્ષણ પણ કર્યુ હતુ.પરંતુ હજુ સુધી સેકટરમાં નવા આવાસો બાંધવાના મામલે કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી. સેકટરના વસાહત મંડળ દ્વારા પણ આ અંગે વિભાગને રજુઆત કરવામાં આવી હતી. જેમાં જણાંવ્યા મુજબ સેકટરમાં ૨૦૦ જેટલા જુદી જુદી કક્ષાના આવાસો ભયજનક હાલતમાં છે.

જેના લીધે રહીશોને રહેવાનુ મુશ્કેલ બન્યુ છે. આવાસોમાં રહીશોનો વસવાટ છે. જયારે વારંવાર આવાસોમાંથી પોપાડ ખરે છે. આવા સંજોગોમાં ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. સેકટરોમાં નવા આવાસો બાંધવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધી સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે નવી ટાવર કોલોનીમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. સે-૧૭ માં પણ નવા આવાસો બાંધવા માટે અગાઉ વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કાંઈ થયુ નથી.

સે-૧૭ માં મોટાભાગના આવાસો જર્જરિત હાલતમાં હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે નવા આવાસો બાંધવા માટે ત્વરિત આયોજન કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. સેકટર -૧૭ ના ખંડેર આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે વિભાગના અધિક્ષક ઈજનેરે સ્થિતિનુ નિરિક્ષણ પણ કર્યુ હતુ. જયારે આ મકાનો તોડી નાંખવા માટે પણ ટુંકમાં આયોજન કરાશે તેમ જણાંવ્યુ હતુ પરંતુ હજુ સુધી કામગીરી હાથ ધરાઈ નથી. જયારે બીજીતરફ સેકટર ખાલી રહેતા સ્થાનિક વેપારીઓને વેપાર ધંધા પણ મળતા નથી. સેકટર -૧૭ વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલે આ અંગે તંત્ર સમક્ષ યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે રજુઆત પણ કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com